પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૨૦ | ૧ ફેબ્રુઆરી, ૨૦૧૯, શુક્રવાર; પોષ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### એલપીજી સીલીન્ડર સસ્તો થયો

ગૃહિણીઓને રાહત મળે તેવા સમાચાર આવી રહ્યા છે. સબસીડીવાળો ગેસ સીલીન્ડર ૧.૪૬ રૂપિયા સસ્તો થયો છે. જ્યારે સબસીડી વિનાના સીલીન્ડરના ભાવમાં ૩૦ રૂ.નો ઘટાડો થયો છે.

### અમેરિકામાં ૨૦૦ ભારતીય વિદ્યાર્થીઓની અટકાયત

અમેરિકન ગૃહ વિભાગે એક સ્ટિંગ ઓપરેશન પછી ૨૦૦થી વધુ ભારતીય વિદ્યાર્થીઓની અટકાયત કરી છે. ૮ રિક્રુટર્સને પણ પકડવામાં આવ્યા છે. આ સિવાય અન્ય ૬૦૦ વિદ્યાર્થીઓ સામે પણ વોરન્ટ જાહેર કરાયુ છે.

### સુબ્રતો રોયને કોર્ટમાં હાજર થવા ફરમાન

સુપ્રિમ કોર્ટે સહારા ગ્રુપના બાકી રહેલા પૈસા જમા કરાવવા માટે વધુ એક તક આપી છે. સુપ્રિમ કોર્ટે કહ્યુ છે કે ૯,૦૦૦ હજાર કરોડ રૂપિયા તેઓ ઝડપથી સેબી- સાહારાના એકાઉન્ટમાં નાંખી દે છે. સહારા પ્રમુખ સુબ્રતો રોયને ૨૮મી ફેબ્રુઆરીએ કોર્ટમાં હાજર થવા પણ કોર્ટે ફરમાન કર્યુ છે.

### અકાલીદળની એનડીએ છોડવા ધમકી

સામાન્ય ચૂંટણીઓ પહેલા ભાજપના સૌથી જૂના સાથી અકાલી દળે એનડીએની બહાર જવાની ધમકી આપી છે. ગુરૂદ્વારા મામલે દખલ દેવાનો ભાજપ પર આરોપ લગાવી તેઓએ નારાજગી વ્યક્ત કરી હતી.

# આજે આશા-અરમાનોનું અંદાજપત્ર

**તમામની અપેક્ષાઓ પૂર્ણ કરવાના દબાણ વચ્ચે આજે બજેટ રજૂ થશે : કરમુક્ત આવકની મર્યાદા વધારાય તેવી સંભાવના : રોજગાર પર ધ્યાન : જુદા જુદા ક્ષેત્રો દ્વારા કરાયેલી માંગ બાદ કોને શું મળશે તેને લઇ સસ્પેન્સ : વચગાળાના બજેટમાં મધ્યમ વર્ગ માટે ટેક્સ રાહત તેમજ કૃષિ કટોકટી અંગે પગલા જાહેર કરાશે : કૃષિ, આરોગ્ય, ઉદ્યોગ જેવા ક્ષેત્રો માટે પણ પગલાઓ**



નવીદિલ્હી,તા. ૩૧

દેશના તમામ વર્ગના લોકોની જોરદાર અપેક્ષા વચ્ચે આવતીકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર તેની વર્તમાન અવધિમાં અંતિમ બજેટ રજૂ કરનાર છે. લોકસભાની ચૂંટણી પહેલા રજૂ કરવામાં આવનાર આ વચગાળાના બજેટમાં નાણાં પ્રધાન પિયુષ ગોયલ તમામ વર્ગને પ્રભાવિત કરવાના પ્રયાસ કરી શકે છે. ખાસ કરીને મધ્યમ વર્ગના લોકો માટે અનેક ટેક્સ રાહતો જાહેર કરવામાં આવી શકે છે. સાથે સાથે ખેડુતોની નારાજગીને દુર કરવા માટે પણ વિવિધ પગલા જાહેર કરવામાં આવી શકે છે. કૃષિ કટોકટી અંગે પગલાની સંભાવના દેખાઇ રહી છે. ટેક્સ સ્લેબમાં ફેરફાર કરવામાં આવી શકે છે. ઈ-વોલિટને ટેક્સ છુટછાટની હદમાં લાવવા માટેની માંગ કરવામાં આવ્યા બાદ આના પર પર તમામ લોકોની નજર રહેલી છે. પિયુષ ગોયલ કરોડો લોકોની અપેક્ષા અને તમામ ક્ષેત્રોના ઉદ્યોગોની ઉત્સુકતા વચ્ચે વર્ષ ૨૦૧૯-૨૦ માટેનુ વચગાળાનુ બજેટ રજૂ કરવા જઇ રહ્યા છે. અનેક પ્રકારની લોકોની અપેક્ષા અને અનેક પ્રકારના જટિલ પડકારો વચ્ચે નાણાંપ્રધાન પિયુષ ગોયલ બજેટ રજૂ કરશે. બજેટમાં દેશના તમામ વર્ગને રાજી રાખવાની બાબત તેમના માટે સરળ રહેશે નહી.ગોયલ મુળભૂત મુક્તિ

● અનુસંધાન પાન-૭ પર

### અંદાજપત્રમાં સંભવિત જાહેરાત

- નોટબંધી, જીએસટી બાદ બજેટમાં મધ્યમવર્ગને ઘણી બધી રાહતો મળી શકે છે
- ટેક્સ સ્લેબમાં ફેરફાર કરવામાં આવે તેવી શક્યતા પ્રબળ દેખાઇ રહી છે
- ત્રણ લાખ સુધીની આવક ટેક્સ મુક્ત કરવામાં આવી શકે છે
- ઈ-વોલિટને ટેક્સ છુટ સ્કીમની હદમાં લાવવાની જાહેરાત કરવામાં આવી શકે
- બચત સાધનોમાં મૂડીરોકાણની મર્યાદાને વધારવામાં આવી શકે
- વ્યક્તિગ કરદાતાઓને રાહતો આપવામાં આવી શકે છે
- કૃષિ કટોકટીના સંબંધમાં કેટલીક નવી પહેલ કરીને ખેડુત સમુદાયને સંતુષ્ટ કરવાના પ્રયાસ કરવામાં આવી શકે છે.
- આવકવેરા મુક્તિ મર્યાદામાં ૫૦ હજાર સુધીનો વધારો કરવામાં આવી શકે છે
- આરોગ્ય વીમામાં મૂડીરોકાણ મર્યાદામાં મુક્તિ વધી શકે છે
- કોરસેક્ટરના ભાગરૂપે ટેક્સ બચત માળખામાં સુધારો કરાશે
- હાઉસિંગ લોનની ફેર ચુકવણી ઉપર ટેક્સ મુક્તિ મર્યાદામાં વધુ સુધારો કરવામાં આવી શકે છે
- સંરક્ષણ ક્ષેત્રની ફાળવણીમાં ૧૦ ટકા સુધીનો વધારો થઈ શકે છે
- મેક ઈન ઈન્ડિયાને વધુ ઝડપી બનાવાશે

## જિંદ પેટા ચૂંટણીમાં ભાજપની જીત : રામગઢમાં કોંગ્રેસની જીત

જિંદ, તા. ૩૧

હરિયાણાની જિંદ વિધાનસભા સીટ પર ભારતીય જનતા પાર્ટીએ શાનદાર જીત મેળવી લીધી છે. અહીં યોજાયેલી પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર કૃષ્ણ મિંડાએ કોંગ્રેસ અને જનનાયક જનતા પાર્ટીના ઉમેદવારને પાછળ છોડીને જીત મેળવી હતી. કોંગ્રેસી નેતા રણદીપ સૂરજેવાલા ત્રીજા નંબરે રહ્યા હતા. ભાજપ, કોંગ્રેસ, આઈએલએલડી અને નવરચિત જનનાયક જનતા પાર્ટીની પ્રતિષ્ઠા સમાન આ પેટાચૂંટણી બની ગઈ હતી. ભાજપના ઉમેદવાર કૃષ્ણ મિંડાએ ૧૨૨૩૫ મતે જીત મેળવી હતી.

જ્યારે બીજી બાજુ રાજસ્થાનના રામગઢમાં કોંગ્રેસ પાર્ટીની પેટાચૂંટણીમાં આજે જીત થઈ હતી. આની સાથે જ કોંગ્રેસ પાર્ટીની વિધાનસભા સીટોની સંખ્યા વધીને ૧૦૦ ઉપર પહોંચી ગઈ છે. હાલમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને ૯૯ સીટો મળી હતી. રાજસ્થાનના રામગઢમાં કોંગ્રેસના ઉમેદવાર સાફિયા ઝુબેર ખાનની ૧૨૨૨૮ મતે જીત થઈ હતી. લોકસભા ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી ત્યારે કોંગ્રેસની આ જીત તેના કાર્યકરોમાં વધારે ઉત્સાહ વધારશે.

## માયાવતી પર સકંજો

**છ સ્થળો પર ઇડીના દરોડા : માયાવતીના નજીકના લોકો સામે કાર્યવાહી થઇ : એન્જિનિયરો, ઠેકેદારો અને સ્મારકો સાથે જોડાયેલા લોકો સામે કાર્યવાહી**

લખનૌ, તા. ૩૧

અખિલેશ યાદવ ઉપર ગેરકાયદે માઈનિંગ અને રિવરફ્રન્ટ કૌભાંડ ઉપર સકંજો મજબૂત કરવામાં આવ્યા બાદ હવે ઈડીએ માયાવતી સામે પણ સકંજો મજબૂત કરી લીધો છે. માયાવતી સરકારની અવધિમાં ૧૪ અબજના સ્મારક કૌભાંડમાં ઈડીએ બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીના નજીકના લોકો સામે કાર્યવાહી શરૂ કરી દીધી છે. આજે ઉત્તરપ્રદેશના પાટનગર લખનૌ અને એનસીઆરમાં છ સ્થળો ઉપર એક સાથે દરોડા પાડવામાં આવ્યા હતા. ઈડીએ લખનૌના ગોમતીનગરમાં એન્જિનિયર, ઠેકેદારો અને સ્મારકોના કૌભાંડ સાથે જોડાયેલા લોકોના સ્થળો ઉપર દરોડા પાડ્યા હતા. ઈડી દ્વારા ૧૪૦૦ કરોડ રૂપિયાના સ્મારક કૌભાંડમાં તપાસ કરવામાં આવી રહી છે. તપાસ માટે વિજિલન્સમાં સાત ઈન્સ્પેક્ટરોની એક એસઆઈટીની રચના કરવામાં આવી છે. એમ માનવામાં આવે છે કે, વિજિલન્સ તપાસ પૂર્ણ કરીને રિપોર્ટ સોંપી દીધા બાદ ઈડીએ કાર્યવાહી હાથ ધરી છે.

● અનુસંધાન પાન-૭ પર

Angels
Hostel & PG
(Boy's & Girl's)
● શુદ્ધ સાત્વિક નાસ્તો-ભોજન
● બેડીંગ વ્યવસ્થા, પલંગ, ગાદલુ
● પર્સનલ લોકરની સુવિધા
● ગરમ પાણીની સુવિધા
● R.O. & ફ્રીજનું પીવા માટે પાણી
નોકરીયાત માટે અલગ સુવિધા
સેક્ટર-૭ડી, સેક્ટર-૮બી
મો. ૯૮૨૪૭ ૧૫૫૭૮

કપલ / ફેમીલી / LTC / AIR પ્રવાસો
લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોગ | આંદામાન-હેવલોક આઇલેન્ડ
ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ | કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી
ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા | બદ્રી-કેદાર-ગંગોત્રી-યમુનોત્રી
સિમલા-મનાલી ડેલહાઉસી અમૃતસર | નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર
કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ | પવિત્ર કૈલાસ માનસરોવર યાત્રા
બેંગ્લોર-મૈસુર સહ દક્ષિણ ભારત | મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી
By Helicopter કૈલાસ માનસરોવર તથા ચારધામ
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા,સ્ટેડીયમ સર્કલ
સી.જી.રોડ,અમદાવાદ
Ph.26562322/24/25
M.:9427455274/9724303375/9898023955

કલ્પેશ બ્રહ્મભટ્ટ દ્વારા અભ્યાસ અર્થે કેનેડા અને અમેરીકા જવું સરળ
FREE ENTRY





MEET COLLEGE & UNIVERSITY REPRESENTATIVES

CANADA: Sheridan, Seneca, Humber, George Brown College, Centennial College, Durham College, Georgian, Fleming College, Sault College, Loyalist, Saskatchewan Polytechnic, NAIT, Fanshawe College, Confederation College, St. Lawrence College, Parkland College, Brock University, Cape Breton University, CDE Collège, Cambrian College, King's, Collège LaSalle, Mount Saint Vincent University, Northern College, Institut supérieur d'informatique, Collège Inter-Dec, Capilano University, Collège Universel, University Canada West, Vancouver Community College, Vancouver Island University

USA: cbu California Baptist University, California State University Bakersfield, Jacksonville State University, Kent State University, NYIT New York Institute of Technology, Northwest, Oklahoma City University, Robert Morris, University of Central Missouri, UCO University of Central Oklahoma, The University of Alabama in Huntsville, UT Toledo, UT The University of Tennessee Martin, University of Findlay, Wichita State University, Geneseo, Murray State University

INAUGURATION BY



Shri Bhupendrasinh Chudasama
Hon'ble Education Minister
Govt. of Gujarat

54 COLLEGES & UNIVERSITIES

VENUE :
01st Feb 2019
Friday
11 AM to 5 PM
Mahatma Mandir
Hall No. 3
Gate No. 2
Gandhinagar

ORGANISED BY
Let's Grow Globally
Kanan® International
WITH
STORM OVERSEAS EDUCATION
CONTINUE LEARNING ABROAD !
GANDHINAGAR

CALL.: 99099 13130 / 98250 36535 / 78744 46958 / 079 - 23247833 / 44
GANDHINAGAR : 354/2, Shreyas Society, Nr. GH-5, Sector-22.
AHMEDABAD : 503, Mahalay Complex, Opp. Hotel President, C.G. Road, Navrangpura.
PLEASE BRING ONE SET OF ACADEMIC DOCUMENTS IN ORIGINAL OR PHOTOCOPY